

# આઇઆઇટી સ્ટુડન્ટ્સ સાવ જુદી જ રીતે માણી રહ્યાં છે સ્પોર્ટ્સ



**● 'હલ્લા બોલ'માં પગેથી વોલીબોલ રમ્યા અને દરેક સ્પોર્ટ્સમાં કંઇક નવું તત્વ ઉમેરીને રમતને વધુ એન્જોએબલ બનાવી**

**અમદાવાદ : ૧૮ માર્ચ ૨૦૧૪**

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગરના સ્ટુડન્ટ્સ દ્વારા દર વર્ષે 'હલ્લાબોલ' ઇવેન્ટનું આયોજન કરવામાં આવે છે. જેમાં કોલેજના સ્ટુડન્ટ્સ અને પ્રોફેસર્સ મળીને ગેમનું આયોજન કરે છે. આ ઇવેન્ટનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે પ્રોફેસર્સ અને સ્ટુડન્ટ્સ વચ્ચે એક સેતુ બંધાય છે. સ્ટુડન્ટ્સના રૂટીન લેક્ચર ન બગડે તે માટે આ ઇવેન્ટનું આયોજન ખાસ રાત્રી દરમ્યાન કરવામાં આવે છે. આ ઇવેન્ટમાં ગલી ક્રિકેટ, પગથી વોલીબોલ, રેકેટ, સેવન સ્ટુલ, ખો-ખો, હેન્ડ બોલ, બેડમિન્ટનનું આયોજન કરવામાં આવ્યું છે. ૯ દિવસ ચાલનારી આ ઇવેન્ટમાં સ્ટુડન્ટ્સ ઘણી નવી રમતો રમે છે.